સન્માર્ગ પર ચાલવા છતાં જો લોકો તમને ખરાબ કહે તો બહેતર છે કુમાર્ગે જતાં લોકો ભલે તમારી પ્રશંસા કરે
- શેખ સાદી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૩૦ | ૧૯ જુલાઇ ૨૦૧૨, ગુરૂવાર, અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# આજે ૧૨મી વિધાનસભાનું અંતિમ સત્ર

## સવારે ૧૦ વાગ્યે ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીનું મતદાન,અમિત શાહ દિલ્હીમાં મતદાન કરશે,કનુભાઇ કલસરિયા પ્રણવ મુખરજીને મત આપશે

## એક દિવસના સત્રમાં વિપક્ષ ધમાલ કરે તેવી સંભાવના,બન્ને પાર્ટીની બેઠકમાં રણનિતી નક્કી કરાઇ,પાંચ સાંસદોનું વિધાનસભામાં મતદાન

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૧૮

બારમી ગુજરાત વિધાનસભાના અંતિમ સત્રનો આવતીકાલ ૧૯મીએ પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાત ઉપર અછતના ઓળા છે તેવા સમયે સત્ર લંબાવવાની માગણી ઠુકરાવી દેવામાં આવી છે. માત્ર એક દિવસના આ સત્રમાં ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીનું મતદાન થશે, ત્યારબાદ સરકારી કામકાજ સાથે સાંજે સત્ર સમાપ્તિની ઘોષણા કરવામાં આવશે.

આજે સાંજે વિધાનસભાના પટાંગણમાં ૧૮૨ ધારાસભ્યોના ફોટો સેસનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આવતીકાલની બેઠક માટે આજે સાંજે ભાજપ અને કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક યોજવામાં આવી હતી, જેમાં પ્રત્યેક સભ્યોને પાર્ટીના દાયરામાં રહીને મતદાન કરવાનો વ્હિપ આપવામાં આવ્યો છે.

ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ગુજરાત વિધાનસભામાં ૫૨૯૫૦ મતો છે જે ભારતના કુલ ૧૦,૯૮,૮૮૨ મતોના ૪.૮૧ ટકા થવા જાય છે. રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૯મીએ જુલાઈએ થવાની છે અને વિધાનસભામાં ૧૮૧ ધારાસભ્યો અને પાંચ સંસદસભ્યો મતદાન કરવાના છે. ગુજરાતના એકમાત્ર સાંસદસભ્ય અમિત શાહ પાર્લામેન્ટમાં મત આપવાના છે.

ગુજરાતના સભ્યો પ્રવણ મુકરજી અને પી.એ.સંગમાને મત આપશે. ભાજપના મતો સંગમાની તરફેણમાં જશે પરંતુ ભાજપના મહુવાના ધારાસભ્ય કનુભાઈ કલસરિયાએ યુપીએના ઉમેદવાર પ્રવણ મુકરજીને મત આપવાનું નક્કી કર્યું છે. એટલે કે કોંગ્રેસ પાસે એનસીપી સહિત ૬૧ સભ્યોનું બળ થાય છે.

ગુજરાતના સભ્યોની ગણતરી કરીએ તો ભાજપના ૧૨૧ ધારાસભ્યો અને ૨૩ સંસદસભ્યો જ્યારે કોંગ્રેસના ૫૬ ધારાસભ્યો અને

● અનુસંધાન પાન-૭ પર

# મોબાઈલ કોર્ટની રચના પૂર્વે મનપા સર્વપક્ષીય સમિતિ રચશે

ગાંધીનગર, તા. ૧૮

હેલ્થ એન્ડ સેનીટેશનના ગુનાઓ નાથવા માટે મોબાઈલ કોર્ટની રચના અંગે સરકારની મંજૂરી મળ્યા બાદ કોર્પોરેશન તેના કાયક્ષેત્રમાં સમાવવાના મુદ્દાઓ અંગે રજુ થયેલ દરખાસ્ત પરની ચર્ચાનો જવાબ આપતાં તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છતા અને આરોગ્ય સંબંધી ગુનાઓ ન બને તે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે કોર્પોરેશનની ડમ્પીંગ સાઈટનો મુદ્દો આડકતરી રીતે એટલે જી.યુ.ડી.સી.ને જણાવ્યું છે આપણે આ મુદ્દે પ્રસ્તાવ પણ પસાર કરી મોકલી આપ્યો છે.

મેયર શ્રી રાણાએ જણાવ્યું હતુ કેશહેર સ્વચ્છ બનેતેમાટે વધુકન્ટેઈનર ખરીદવાની પ્રક્રિયા ચાલુ છે. ૨૫ આપણી પાસે કચરો એકત્ર કરવાના કન્ટેઈનરો નથી. સ્વચ્છતા અને આરોગ્ય સંબંધી ગુનાઓ અંગે લોક-જાગૃતિ લાવવા માટે રૂ. બે લાખની ફાળવણી બજેટમાં કરાયા પછી પાંચ મહિના થયા પણ એકેય પૈસાનો ખર્ચ ગલ્લાઓ પર ડસ્ટબીન પણ નથી. સેક્ટરોના વિસ્તાર અને વસ્તીની ગીચતાને ધ્યાને રાખી કન્ટેઈનરો મુકાતા નથી એટલુ જ નહિ તે નિયમિત રીતે ઉપડતા પણ નથી.

આથી જ અમે કન્ટેઈનર ન

**લોક જાગૃતિના બે લાખની ફાળવણી બાદ પાંચ મહિનામાં એક ફુદિયુ પણ વાપરી શક્યા નથી : આશિષ દવે, અર્બન હેલ્થ પ્રોજેક્ટના નાણાં વાપરતાં કોણ અટકાવી રહ્યું છે : કાર્તિક પટેલ, ગંદકી કરનારાઓ પાસે દંડ વસુલવો જ જોઈએ સુરેશ મહેતા, દબાણકારો ગંદકી કરે છે પણ દબાણ દૂર કરી શકતા નથી સરકાર સત્તા આપતી નથી : પ્રવિણ પટેલ**

ડે. મેયરના અધ્યક્ષપદે એક ઉચ્ચસ્તરીય સર્વપક્ષીય સમિતિની રચના કરશે તેવી હૈયાધારણ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે સામાન્ય સભામાં આપી હતી.

હેલ્થ એન્ડ સેનીટેશનના ગુનાઓ નાથવા માટે ભાજપ તરફથી ઉખેડવાનો પ્રયાસ કરાયો છે પણ હું ગૃહને જણાવવા માંગુ છે કે ગુડાનો સમાવેશ કરવા અંગે કલેક્ટરના હુકમ પછી પણ આ કામમાં ગતિ આવે તે માટેના પ્રયાસો ચાલુ છે. વિલંબ માટે આ એક કારણ છે તેમજ બીજુ આપણી પાસે તકનીકી સ્ટાફ છે નહિ કન્ટેઈનર આ માસના અંત સુધીમાં ઉપલબ્ધ બનશે અને બીજી ૨૫ કન્ટેઈનર એકાદ માસમાં આવી જશે.

આ દરખાસ્ત પરની સુધારા દરખાસ્તની ચર્ચાનો પ્રારંભ કરતાં ભાજપના શ્રી આશિષ દવેએ જણાવ્યું હતુ કે વસ્તીના પ્રમાણમાં કરી શક્યા નથી.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે શહેરની સફાઈ માટે આપણી પાસે પુરતા સાધનો નથી એટલુ જ નહિ કચરો ઠલવવા માટે જગ્યા પણ નથી અને પ્રકૃતિને તંત્ર જ દુષિત કરી રહ્યું છે. લારી-ઉપાડનાર એજન્સીને ત્રણ વખત દંડ આ કોર્ટ કરે તો એજન્સીને બ્લેક લીસ્ટ કરવા સૂચવ્યું છે.

પ્રકૃત્તિને ગમે ત્યાં કચરો નાખી નુકશાન કરતા તંત્રને પણ દંડનીય કાર્યવાહીના દાયરામાં સમાવાવની હિમાયત કરતાં કહ્યું કે તંત્રના ભોગે લોકોને દંડ ફટકારવાની વાત બરાબર નથી.

ચર્ચામાં ભાગ લેતાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું કે મોબાઈલ કોર્ટની રચના સરકાર દ્વારા કોર્પોરેશનને થઈ રહેલા અન્યાય સામે વચલા માર્ગ તરીકે કરવાની ફરજ પડી છે. દબાણકારો દ્વારા દંદકી ફેલાવવામાં આવે છે તેની સામે પગલાં લી શકતા નથી. દબાણ દૂર કરી શકતા નથી. રેનબસેરા

● અનુસંધાન પાન-૭ પર




